**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરના કન્ટેન્ટમેન્ટ વિસ્તારોમાં હાલાકી

## સેકટરોમાં જાહેર કરાયેલા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવશ્યક ચીજ વસ્તુઓ જેવી કે અનાજ, કરીયાણા, શાકભાજી, દુધ અને અખબાર મેળવવામાં વસાહતીઓને હાલાકી

ગાંધીનગર, તા.૪

શહેરમાં દિવસેને દિવસે કોરોનાનો કહેર વધતો જઈ રહ્યો છે. શહેરમાં લગભગ ૭૦ જેટલા કેસ નોંધાયા છે. અલગ-અલગ એરિયામાં નોંધાયેલા કેસના વિસ્તારને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરી દેવામાં આવ્યો છે. આ વિસ્તારની બહાર આવવા જવાની કોઈને મંજૂરી આપવામાં આવતી નથી પરંતુ આ વિસ્તારના રહેવાસીઓને તેમની દૈનિક જરૂરિયાત દૂધ, કરિયાણું, શાકભાજી, ફળ અને દૈનિક સમાચાર પત્રો મળી રહ્યા નથી. જેના લીધે શહેરીજનો મૂંઝવણમાં મુકાયા છે.

કોરોનાના કેસમાં વધારો થવાના લીધે શહેરના જે પણ વિસ્તારમાં કોરોના નો કેસ આવે તે વિસ્તારને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરી દેવામાં આવે છે. આ વિસ્તારની તમામ દુકાનો જડબેસલાખ બંધ કરી દેવામાં આવી છે. આ વિસ્તારમાં જલ્દીથી જીવન જરુરિયાતની ચીજવસ્તુ મળી રહેતી નથી. શરૂઆતના દિવસોમાં જ્યારે લોક ડાઉન જાહેર કરવામાં આવ્યું ત્યારે જરૂરી ચીજવસ્તુઓની દુકાન સરકાર દ્વારા નિયત કરેલા સમયે સવાર અને સાંજ ખુલ્લી રાખવામાં આવતી હતી. પરંતુ એકાએક કોરોનાના કેસમાં વધારો થતાં વેપારીઓ પાસે પૂરતો માલ સામાન આવતો જ નથી તેવું તેમનું કહેવું છે. પહેલા દૂધ સવારે ૬ થી ૮ મળતું પરંતુ હવે કન્ટેન્ટેન્ટ એરિયાના શોપિંગ સેન્ટર ને બંધ કરી દેતા કેન્દ્રમાંથી દૂધ લેવું પડે છે અને ત્યાં જતા પણ લગભગ સવારે છ વાગ્યા સુધીમાં તો દૂધ ખાલી થવા આવ્યું હોય છે. અને કેન્દ્રમાં દૂધ ખાલી થઈ જતા આખો દિવસ ક્યાંયથી દૂધ મળતું નથી સિવાય કે સેક્ટર કાંતો વિસ્તારની બહાર જવું પડે છે. આ સમયે તંત્ર અને પોલીસ કર્મીઓ પણ વધુ કડક બન્યા છે. અમુક વિસ્તારમાં શાકભાજી મળી રહ્યું નથી અને અમુક શહેરીજનોએ લગભગ વીસેક દિવસથી ફ્રુટ ખાધું નથી. કન્ટેન્ટમેન્ટ વિસ્તારની બહાર જઈ શકાતું નથી અને આ એરિયામાં વેચાણ કરવા પણ આવી શકતું નથી આવી જ રીતે સમાચાર પત્રો પણ કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં લાવવા દેવામાં આવતી રહ્યા નથી. અને દરેક સેક્ટરની કરિયાણાની દુકાનોમાં નવો માલના આવવાથી તેઓ ધારે છતાં પણ ચીજવસ્તુઓનું વેચાણ કરી શકતા નથી. એટલે મોટા ભાગે દુકાનો પણ બંધ જ રહે છે. ઉપરાંત સમાચારપત્રોનું વિતરણ પણ હાલ બંધ છે. શહેરીજનોની તંત્ર પાસે માંગણી છે કે, આ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મેળવવું તેમના માટે સરળ કરવામાં આવે શાકભાજી અને ફ્રુટના વેચાણ માટે સરકાર તરફથી કોઈ પગલા લેવામાં આવે અને સમાચાર પત્રો પણ બંધ તો ના જ થવા જોઈએ તેમ સમજીને ઘરે-ઘરે સમાચાર પત્ર પહોંચે તેવી અમારી માંગ છે.

# વાવોલ ફાટકે વાહનચાલકોને સમજાવવા પોલીસને મળી ગામના યુવાનોની સેવા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર કોરોના સંક્રમણ બાબતે રેડ ઝોન જાહેર થઇ ચુક્યું છે કેમ કે પાટનગરમાં કોરોના પોઝિટિવ કેસો ઝડપથી વધી રહ્યાં છે. કોરોના સંક્રમણના વધતા કેસોની સંખ્યા પર નિયંત્રણ સાધવા શહેરને ચોતરફથી સીલ કરવામાં આવ્યું છે. ગાંધીનગર અને વાવોલને જોડતા માર્ગ નં-૩ પર પણ રેલવે ફાટક પાસે પોલીસ બંદોબસ્ત મુકી જોખમી અવરજવર પર નિયંત્રણ મુકવામાં આવતા અનેક વાહન ચાલકો પોલીસ સાથે સંઘર્ષમાં ઉતર્યા હતા. જો કે વાહનચાલકોને સમજાવવાની જવાબદારી વાવોલ ગામના જ કેટલાક જાગૃત યુવાનોએ ઉપાડી લીધી હતી અને સવારથી પોલીસની સાથે આ યુવાનો પણ ખડે પગે સેવામાં તૈનાત રહ્યા હતા. ગામનાં યુવાનોની સેવાને પોલીસ સ્ટાફ દ્વારા બિરદાવવામાં આવી હતી.




# રંગભૂમિ તખ્તાના કલાકારોનો સંદેશ એટલે 'બોલ કોરોના' ગીત

## ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર હસમુખ મેકવાન દિગ્દર્શિત અને યોસેફ મેકવાન લિખિત ગીત યુ-ટ્યુબ પર લોકપ્રિય

ગાંધીનગર, તા.૪

કોરોના સામેની લડતમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ ઉપરાંત નાગરિકો પણ પોતાના ઘરે રહીને પોતાનું યોગદાન આપી રહ્યાં છે તેમાં રંગભૂમિના તખ્તાના કલાકારો બાકાત કેવી રીતે રહી શકે. ગાંધીનગરના જાણીતા ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાન દિગ્દર્શન કરેલ ગીત રચના 'બોલ કોરોના' ગીત યુ-ટ્યુબ પર ખુબ લોકપ્રિય બન્યુ છે. આ ગીતના રચયિતા કવિ યૉસેફ મેકવાન છે.

'બોલ કોરોના' ગીતના ગાયક અને સંગીતકાર ગાંધીનગરના યુવા સીની-જીજો જાસેફ છે. જયારે એડીટીંગ નિરવે કર્યુ છે. લોકડાઉનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દરેક કલાકારોએ પોતાના ઘર, બાલ્કની, અગાસી કે ગાર્ડનમાં રહીને પોતાના મોબાઈલમાં લીપ્સ મુવમેન્ટ આપી મોકલ્યું છે. આ ગીતમાં જાણીતા નાટક અને ફિલ્મી કલાકારો જેવા કે જીતેન્દ્ર ઠક્કર, ડીમ્પલ ઉપાધ્યાય, સોહન માસ્ટર, અભિજ્ઞા મહેતા, મનીષા ત્રિવેદી, નિલેશ કુમાર, દિપેન રાવલ, શૌનક વ્યાસ, ઈંદુ સરકાર, પ્રજ્ઞા ગજ્જર, સંગીતા સુથારે અભિનય આપ્યો છે. આ પ્રસંગે હસમુખ મેકવાને જણાવ્યું હતું કે 'સાચા અર્થમાં માનવ થવાની આ ઘડી છે અને તેનો સંદેશ તેમજ પ્રેરણા આપતું ગીત 'બોલ કોરોના' યુ-ટ્યુબ પર જોવા મળશે.'






કોરોનાને લીધે સમગ્ર શહેર રેડ ઝોનમાં છે. જેના લીધે લૉકડાઉનનો કડક અમલ પણ થઈ રહ્યો છે. માસ્ક વગર બહાર નીકળવું એક ગુનો છે ત્યારે આ અમલની વચ્ચે શહેરીજનોને રોજની જરૂરિયાતની શાકભાજી પુરી પાડતા આ શાકભાજીની લારીવાળા માસ્ક વગર જોવા મળી રહ્યા છે. ગરીબ માણસ રોજીરોટીની ચિંતામાં કોરોનાની પરવા કર્યા વગર પણ નીકળે છે પરંતુ તેમને કોણ સમજાવે કે આ રોગની સામે જીતવા માટે માસ્ક પહેરવું અથવા તો રૂમાલ બાંધવું પોતાને માટે તથા બીજા માટે ખૂબ જ જરુરી છે.

# દુધના કેરેટોની ચોરીનો ભેદ ઉકેલતી એલસીબી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં દુધ-દહી અને છાશના કેરેટોની ચોરી છેલ્લા એક માસથી વધી હતી. ત્યારે ગાંધીનગર એલસીબીની ટીમે આ દુધના કેરેટ ચોરીના ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસે બે ઈસમો, ૮૭ કેરેટ અને બે મોબાઈલ સહિત રીક્ષા મળીને કુલ રૂ.૭૭,૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરમાં છેલ્લા એક મહિનાથી વિવિધ સ્થળો પરથી દુધ કેરેટ ચોરીના કિસ્સા સામે આવી રહ્યા હતા. જેને પગલે ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો કાર્યરત થઈ ગઈ હતી. ત્યારે નાઈટ પેટ્રોલીંગમાં રહેલા પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમને બાતમી મળી હતી કે રાંધેજા પાસે એક રીક્ષાને પકડી પાડી હતી. જેમાં ત્રણ શખ્સોમાંથી એક શખ્સ અંધારાનો લાભ લઈ ભાગી ગયો હતો. જયારે પોલીસના હાથે પકડાયેલા બે નાગરીકો રાંધેજાના સતિષ રમેશજી ઠાકોર (ઉં.૨૨) તેમજ દિપક વિષ્ણુભાઈ રાવળ (ઉં.૨૦) જયારે ભાગી ગયેલો શખ્સ ભદ્રેશ રમેશજી ઠાકોર હોવાનું સામે આવ્યું હતું. ત્રણેય શખ્સો ગામના આશિષ ચતુરજી ઠાકોરની રીક્ષા નં.જી.જે.૧૮. એ.વાય.-૮૨૭૮ લઈને દુધના કેરેટની ચોરી કરવા માટે નીકળતા હતા. આ ટોળકીએ અત્યાર સુધી ૮ સ્થળે ચોરીને અંજામ આપ્યો છે. જેમાં સે-૨૧ પોલીસ મથક વિસ્તારમાં ૨, ઈન્ફોસીટી પોલીસ મથકે ૨, ચોરી અંગે ફરીયાદ થવા પામી હતી. એલસીબી પોલીસે આરોપીઓ પાસેથી ૮૭ કેરેટ, રીક્ષા અને બે મોબાઈલ મળીને કુલ રૂ. ૭૭,૧૦૦ કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીઓ દુધ અને દહી, છાશની ચોરી કરીને રાંધેજા ગામ ખાતે આવેલા આશિષ પાર્લર વાળા નરેશભાઈ શકરાભાઈ પટેલ તેમજ અમુલ એજન્સીવાળા પ્રકાશભાઈ ગોવિંદભાઈ પટેલને વેચાણ કરી દેતા હતા.

# કોરોનાને નાથવા સામાયિક અભિયાન થકી આધ્યાત્મિક ચેતના જગાવવાનો જૈન સંઘનો પ્રયાસ



ગાંધીનગર સહિત ગુજરાત અને ભારત જ નહીં પરંતુ આખા વિશ્વમાં વધી રહેલા કોરોના મહામારીના સંક્રમણના કેસોને નાથવા માટે ગાંધીનગર જૈન સંઘ અંતર્ગત ચાલી રહેલ વજસ્વામી પાઠશાળાના ભૂલકાઓ તથા અન્ય સભ્યો દ્વારા મહાવીર સ્વામી કેવળજ્ઞાન કલ્યાણક તથા શાસન સ્થાપના દિવસ નિમિત્તે સામાયિક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. નાના નાના ભૂલકાઓ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે કોરોનાને મ્હાત આપવા માટેનો આધ્યાત્મિક પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

# ગાંધીનગર સિવિલમાં આરએમઓને લઈને ઉકળતા ચરુ જેવી સ્થિતિ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રેસીડેન્ટ મેડીકલ ઓફિસરની જગ્યાને લઈ ઉકળતા ચરુ જેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. થોડાક માસ પહેલા સિવિલમાં આરએમઓ તરીકે ફરજ બજાવતા ડો.રાજેન્દ્ર ચૌહાણ વય નિવૃત થતા તેમના સ્થાને મહિલા ડોકટર સુધાબેનને આરએમઓ તરીકે ચાર્જ આપવામાં આવ્યો હતો. ત્યારે ફરજ બજાવી રહેલા મહિલા આરએમઓના સ્થાને આજે નવા આરએમઓ તરીકે દેવાંગ શાહને મુકવામાં આવ્યા છે. જેથી મહિલા તબિબ આરોગ્ય કમિશનરને પોતાની રજુઆત કરવા માટે પહોંચી જતા આરએમઓની ખુરશી લઈને રાજકારણ ગરમાયું છે. આ મુદ્દે વિવાદ થતા આરોગ્ય વિભાગ દ્વારા મોડી સાંજે ડૉ. દેવાંગ શાહનો ઓર્ડર રદ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જે તે સમયે ડો.દેવાંગ શાહ ફરજ બજાવતા હતા. પરંતુ દેવાંગ શાહ અને અન્ય બે ડોક્ટર મળી ત્રણ ત્રિપુટીએ સિવિલમાં તરખાટ મચાવ્યો હતો. ડોકટર પર ભ્રષ્ટાચારનો આરોપ લાગતા સજાના ભાગરુપે તે સમયે સુરેન્દ્રનગર ખાતે બદલી કરી દેવામાં આવી હતી. તંત્ર દ્વારા ખાતાકીય તપાસ પણ ચાલી રહી હતી. પરંતુ સમય જતા આરોગ્ય વિભાગમાં પોતાની લાગવગને કારણે ડો.દેવાંગ શાહે ગાંધીનગર જિલ્લામાં એન્ટ્રી મેળવી લઈને ફરજ બજાવતા હતા. હાલ તેઓ સેકટર-૮ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવતા હતા. ડો.ચૌહાણ વયનિવૃત થયા બાદ પણ સુધા બેન અને દેવાંગ શાહનું નામ ચર્ચાતુ હતું. પરંતુ આરોગ્ય તંત્ર દ્વારા ડો. સુધાબેન આરએમઓ તરીકે મુકવામાં આવ્યા હતા. ત્યારે તંત્ર દ્વારા ગણતરીના મહિનામાં જ આરએમઓ તરીકે અન્ય ડોકટરની નિમણુંક કરવામાં આવતા ડો.સુધાબેન મેદાનમાં આવી ગયા છે. અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડો.સુધાબેન પણ કહી રહ્યા છે કે મને જો આરએમઓ તરીકેની કામગીરી સોંપવી ન હતી તો ત્રણ માસ પહેલા કેમ બેસાડવામાં આવ્યા. જેથી ડો.સુધાબેન પણ આરોગ્ય કમિશનર અને ઉચ્ચકક્ષાએ પોતાની રજુઆત કરી હોવાથી સિવિલમાં ડોકટર આલમમાં હાલ આરએમઓની જગ્યાને લઈ ઉકળતા ચરુ જેવી સ્થિતિ નિર્માણ પામી છે.

# સેકટર-૨૪ શ્રીનગરમાં તંત્ર દ્વારા એકશન પ્લાન તૈયાર કરાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરને કોરોના ધીમેધીમે અજગરી ભરડો લઈ રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૭૦ થી વધુ કેસ સામે આવ્યા છે. ત્યારે સેકટર-૨૪ શ્રીનગર વિસ્તારમાંથી કોરોનાના ૬ કેસ મળી આવતા તંત્રમાં હડકંપ મચી ગયો છે. ત્યારે નાગરીકો પણ વધતા કેસને પગલે ચિંતિત નજરે પડી રહ્યા છે.

લોકડાઉન વચ્ચે પણ કોરોનાના કેસ શહેરમાં વધી રહ્યા છે. શહેરના ભરચક વિસ્તાર ગણતાતા સેકટર-૨૪ ખાતે કોરોનાના કેસ પોઝીટીવ આવતા તંત્ર દ્વારા સઘન કામગીરી હાથ ધરાઈ છે. મનપા તંત્ર દ્વારા સેકટર-૨૪ શ્રીનગર સોસાયટી વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયો છે. આ વિસ્તારમાં શ્રમિકો રહેતા હોવાથી ખાસ તકેદારી રાખીને રોજ તંત્ર દ્વારા સેનેટાઈઝેશનની પણ કામગીરી હાથ ધરાઈ છે. તે ઉપરાતં કોરોનાના કેસ પોઝીટીવ આવ્યા છે તે વિસ્તારની આસપાસના ૫૦ મીટરની ત્રિજ્યામાં તમામ વસાહતી ભાઈ બહેનના ટેસ્ટ કરવામાં આવશે. તે ઉપરાંત તંત્ર દ્વારા આ વિસ્તારમાં રહેતા નાગરીકોના સૌથી વધુ ટેસ્ટ કરવામાં આવશે. કોરોનાનું સંક્રમણ સેકટરમાં વધુ પ્રસરે નહી તે માટે ખાસ પોલીસ તંત્ર દ્વારા એકશન પ્લાન બનાવાયો છે. સેકટરની ચોતરફ પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ત્યારે આ ભરચક વિસ્તારને પગલે મનપા તંત્ર દ્વારા સતત વોચ રાખવામાં આવી રહી છે.

# શહેરમાં જાહેરમાં માસ્ક વિના કોઈ પકડાશે તો દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં કમિશનર દ્વારા જાહેરનામુ બહાર પાડીને ફરજીયાત માસ્ક પહેરવાનું જાહેર કર્યુ છે. ત્યારે માસ્ક વિના જાહેર સ્થળો પર કે ઓફિસ ખાતે કામ કરનાર વ્યકિત પાસેથી દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. જે તે વ્યકિત બીજી વખત પકડાય તો ૫ હજારનો દંડ વસુલવાની જોગવાઈ કરવામાં આવી છે. સામાન્ય રીતે આ પ્રકારના જાહેરનામા કોર્પોરેશન દ્વારા દંડ વસુલવામાં આવે છે. જો કે હાલની સ્થિતિને પગલે સતત પોલીસ પેટ્રોલીંગમાં રહીનો લોકડાઉનની કડક અમલવારી કરાવતી પોલીસને મનપા તંત્ર દ્વારા દંડ વસુલવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ અંગે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ નગરજનોને અપીલ કરી છે કે બિનજરુરી ઘરની બહાર ન નીકળો અને જો કામ અર્થે બહાર નીકળો છો તો માસ્ક ફરજીયાત પહેરીનો નીકળવુ. જો કોઈપણ વ્યકિત માસ્ક પહેર્યા વિના ઝડપાશે તો પોલીસ તેમની પાસેથી દંડ વસુલવાની કામગીરીને પગલે કોર્પોરેશન દ્વારા પોલીસ તંત્રને પાવતીની બુકો આપવામાં આવી છે.

# કાળઝાળ ગરમીમાં ફરજ બજાવતી પોલીસને રહીશોએ 'ટાઢક' પહોંચાડી



ગાંધીનગરથી વાવોલ ગામમાં જવાના માર્ગ નં-૩ના રેલવે ફાટલ પાસે ખડે પગે ચુસ્ત બંદોબસ્તમાં તૈનાત પોલીસને જલપાન તથા લીંબુ શરબત પીવડાવવા માટે નાગરિકો અગ્રેસર થયા હતા. રેલવે ફાટકની સામે જ આવેલા પ્રીત એપાર્ટમેન્ટમાં રહેતા પ્રફુલાબા રાઠોડે પોતાના ઘરેથી લીંબુ શરબત અને ઠંડુ પાણી લાવીને પોલીસને 'ટાઢક' પહોંચાડવા પ્રયાસ કર્યો હતો.

# સમદર્શન આશ્રમના ટ્રસ્ટી કલાબેન બુચનું દેહાવસાન

## 'કલાબા'ના નામથી જાણીતા ૮૬ વર્ષીય કલાબેન આશ્રમના સ્થાપના સમયથી ટ્રસ્ટી તરીકે જોડાયેલા હતા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સમદર્શન આશ્રમના ટ્રસ્ટી અને 'કલાબા'ના નામથી જાણીતા ૮૬ વર્ષીય કલાબેન બુચનું રવિવારે રાત્રે ૯.૩૦ કલાકે માંદગીના કારણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન દેહાવસાન થવા પામ્યું છે. કલાબાના અવસાનને પગલે પૂજ્ય ગુરુમાંએ આશ્રમના સત્સંગીઓને પોતાના ઘરે જ રહીને ગીતાજીના પાઠનું તેમજ વિષ્ણુસહસ્ત્રનામના પાઠના જાપ કરી કલાબેનના આત્માને સદગતિ માટે પ્રાર્થના કરવા સૂચન કર્યું હતું.

કલાબેન બુચ સમદર્શન આશ્રમની સ્થાપના સાથે જ છેલ્લા ૨૨ વર્ષથી ટ્રસ્ટી તરીકે જોડાયેલા રહ્યા હતા. તેઓ સત્સંગ પ્રવૃત્તિમાં ખૂબ જ સક્રિય હતા. ગાંધીનગરમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે ફરજ બજાવી ચુકેલા સ્વ. ડી. ટી. બુચના ધર્મપત્ની કલાબેન બુચે અંગ્રેજી વિષયમાં અનુસ્નાતકની પદવી મેળવી હતી અને પતિના અવસાન બાદ નિઃસંતાન કલાબેને પોતાની જાતને સત્સંગના માર્ગે સમર્પિત કરી દીધી હતી. આ માટે તેમણે પોતાનું રહેઠાણ પણ સે.૮માંથી બદલીને સે.૧માં સમદર્શન આશ્રમને અડીને એક જ દિવાલે કરી દીધું હતું. વર્ષોથી એકલાં રહેવા છંતા ખુમારીથી જીવતા કલાબા છેલ્લી ઘડી સુધી એકલાં રહ્યાં હતા. ગઈ કાલે તેમને ડાયાબીટીશના કારણે મલ્ટી ઓર્ગન ફેલ્યોરની સમસ્યા સર્જાતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયાં હતા. આ સમયે તેમને શરીરમાં તાવ પણ હોવાથી તેમનો કોરોના ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો અને તેમને આઈસોલેશનમાં રાખવામાં આવ્યાં હતા. આ બાબતની જાણ તેમના અમદાવાદ ખાતે રહેતા ભાઈ ભલાભાઈ બક્ષીને કરવામાં આવી હતી અને તેમના પુત્ર બિમલભાઈ બક્ષી હોસ્પિટલ આવી પહોંચ્યા હતા. રાત્રે લગભગ ૯.૩૦ના સુમારે તેમણે પોતાનો દેહ ત્યજી દીધો હતો. જો કે પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષીને મોડી રાત્રે ૧ વાગે કલાબાના નશ્વર દેહની બિમલભાઈ બક્ષી, આશ્રમના અન્ય ટ્રસ્ટી કિરીટભાઈ અધ્વર્યુ અને અગ્રણી મુકેશભાઈ જાનીની હાજરીમાં સે.૩૦ મુક્તિધામ ખાતે અંતિમક્રિયા સંપન્ન કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આજે કલાબાનો કોરોના ટેસ્ટનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો.



'કલાબા'ના નિધનથી ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ શોકની લાગણી વ્યકત કરતાં આશ્રમના સત્સંગીઓને પોતાના ઘરે જ રહીને ગીતાજીના ૨, ૮, ૧૨ અને ૧૫માં પાઠનું તેમજ વિષ્ણુસહસ્ત્રનામના પાઠના જાપ કરી કલાબેનના આત્માને સદગતિ માટે પ્રાર્થના કરવા સૂચન કર્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. કલાબેન ધનંજય બુચ, ઉ.વ. ૮૬
- સ્વ. મહેશભાઈ કાન્તીલાલ ચાવડા, ઉ.વ. ૬૫
- સ્વ. વિમળા હરિવદન લેકીનવાલા, ઉ.વ. ૮૯
- સ્વ. પિયુષકુમાર બળદેવભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૩૮